# Day to Day Current Affairs

**7.JAN 2016:**

## ૧. ઉતર કોરિયા એ હાઈડ્રોજન બોમ્બનું પરીક્ષણ કર્યુ :

- ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોન્ગ ઉન એ પોતાના નેતૃત્વ હેઠળ હાઈડ્રોજન બોમ્બનું પરિક્ષણ કરાવ્યું.
- પ્રતિબંધ હોવા છતાં ઉતર કોરિયાએ પરમાનુ પરીક્ષણ કરતાં વિશ્વમાં 9 દેશો પાસે 16 હજારથી વધારે પરમાણુ હથિયાર છે. 1) રશિયા 2) બ્રિટન 3) અમેરિકા 4) ફ્રાંસ 5) ચીન 6) ભારત 7) પાકિસ્તાન 8) ઈઝરાયેલ 9) ઉતર કોરિયા.
- ભારતે તેનું પ્રથમ પરમાણુ પરિક્ષણ 1974 અને બીજુ પરીક્ષણ 1998 માં કર્યુ હતુ.

## ૨. લાભશંકર ઠાકર :

- ગુજરાતના પ્રસિધ્ધ કવિ, નાટ્યકાર, નવલકથાકાર લાભશંકર ઠાકરનું 6 જાન્યુઆરીના રોજ નિધન.
- તેમનો જન્મ 14 જન્યુઆરી, 1935ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના સેડલા ગામે થયો હતો.
- આયુર્વેદમાં ઉંડાણનું જ્ઞાન ધરવતા વૈધ લાભશંકર ;પુનર્વસુ' ના ઉપનામથી જણીતા હતા.
- 1959 માં ગુજરાતી વિષય સાથે એમએનો અભ્યાસ તેમજ 1964 માં તેઓએ શુદ્ધ આયુર્વેદમાં ડિપ્લોમાની ડિગ્રી મેળવી હતી.
- સાહિત્યમાં તેમના યોગદાન બદલ તેમને મળેલા એવોર્ડઝ :
- કુમાર ચંદ્રક(1962), નર્મદ સૂવર્ણ ચંદ્રક, સાહિત્ય અકાદમી એવોર્ડ (1991), ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સાહિત્ય ગૌરવ પુરસ્કાર (2002), તેમજ 1981માં રણજીતરામ સુવર્ણચંદ્રકથી સન્માનીત કરાયા હતા જે તેઓએ અંગત કારણસર પરત કર્યો હતો અને 13 વર્ષ બાદ સ્વિકાર્યો હતો.
- તેઓ ગુજરાત સમાચારના કોલમીસ્ટ પણ હતા.
- તેમની પ્રખ્યાત કૃતિઓ :

  કવિતા : 'માણસની વાત', 'મારા નામે દરવાજો', 'પ્રવહન'.

  કાવ્યસંગ્રહ : 'કલાગ્રંથી', 'બુમ કાગળમાં કોરા'.

  એકાંકી : 'મરી જવાની મજા', 'બાથટબમાં માછલી'.

  નાટક : 'પીળુ ગુલાબ અને હું'.

  નવલકથા ; 'અકસ્માત', 'કોણ'.

### <u>પ્રશ્નો</u>

૧. ક્યાં દેશે હાઈડ્રોજન બોમ્બનું પરીક્ષણ કર્યુ ?... ઉતર કોરીયા.

૨. ઉતર કોરિયાના સરમુખત્યારનું નામ જણાવો... કિમ જોન્ગ ઉન.

૩. ભારતે અત્યાર સુધીમાં કેટલા પરમાણુ પરીક્ષણ કર્યા અને કયારે?..... બે, 1974 અને 1998.

૪.વિશ્વમાં કેટલા દેશો પરમાણુ હથિયાર ધરાવે છે?... 9.

૫. લાભશંકર ઠાકર સાહિત્ય ઉપરાંત કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ હતા...... વૈદ્ય હતા.

૬. લાભશંકર ઠાકરનુ6 ઉપનામ જણાવો... પુનર્વસુ.

૭. લાભશંકર ઠાકરનો જન્મ ક્યા6 થયો હતો?.... સુરેન્દ્રનગર જિલ્લાના સેડલા ગામે.

૮. લાભશંકર ઠાકર ક્યાં વર્તમાન પત્રમાં કોલમ લખતા હતા ?... ગુજરાત સમાચાર.

Vivekanand Academy, Gandhinagar